# વિશ્વની અજોડ યુનિવર્સિટી : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી
## સમગ્ર દર્શન

* સમગ્ર વિશ્વની આવું કામ કરતી એકમાત્ર અનન્ય યુનિવર્સિટી.
* અજન્મા શિશુથી ૧૮ વર્ષના તરુણના સર્વાંગી શિક્ષણની સંકલ્પના.
* ઉત્તમ સંતતિના અવતરણ માટે ગર્ભવિજ્ઞાન અને ગર્ભસંસ્કાર.
* જન્મથી ત્રણ વર્ષનાં બાળકોની માતાઓ માટે 'શિશુ પરામર્શન કેન્દ્ર'.
* ભારતીય જીવનદર્શન અને શિક્ષણ મુજબ શિક્ષણ–વ્યવસ્થા સર્જવી.
* તદનુરૂપ વિષયોના અભ્યાસક્રમો બનાવવા અને શિક્ષણ–પ્રશિક્ષણ કરવું.
* વ્યક્તિત્વ વિકાસ શિબિરો અને તેજસ્વિતા સંવર્ધન શિબિરો યોજવા.
* ઉપરોક્ત હેતુઓને સિદ્ધ કરવા 'તપોવન કેન્દ્ર' અને 'વિદ્યાનિકેતન' કાર્યયોજનાઓનો વ્યાપ વધારવો.
* બાલવિકાસ સંબંધી કાર્ય કરતી સંસ્થાઓને કાર્યમાં જોડવી.
* બાળકોનો કલાત્મક અને આધ્યાત્મિક વિકાસ થાય એવી યોજના બનાવવી.
* ઉત્તમ બાળસાહિત્યનું સર્જન કરવું.
* પરિવાર પ્રશિક્ષણ, બાળ મિત્ર અને પરિવાર મિત્ર જેવી યોજનાઓ કાર્યરત કરવી.
* **Early Childhood Care & Education (ECCE)** ના પૂર્ણકાલીન અભ્યાસક્રમો ઘડવા અને એને સંબંધિત સેમિનારો યોજવા.
* આ યુનિવર્સિટીના ધ્યેય અને કાર્યને સમજવા નીચેનાં ચાર સૂત્રો ઉપયોગી થશે...
  ૧. તેજસ્વી બાળક : તેજસ્વી ભારત
  ૨. સમર્થ શિક્ષણ : સમર્થ ભારત
  ૩. પ્રત્યેક બાળક મહત્ત્વનું છે
  ૪. અનન્યો આનંદરૂપો અનંતો અહમ્.

(પ્રત્યેક બાળક અનન્ય છે, આનંદસ્વરૂપ છે અને તે અનંત - અસીમ ક્ષમતાઓનો ભંડાર છે.)

* યુનિવર્સિટીની સંકલ્પનાને કાર્યાન્વિત કરવા માટેના ચાર મહત્ત્વપૂર્ણ આયામો

(૧) શિક્ષણ (૨) પ્રશિક્ષણ (૩) વિસ્તરણ અને (૪) સંશોધન

આ ચારેય બરાબર સમજવાથી અને આપણાં અજ્ઞાનયુક્ત આવરણોને દૂર કરવાથી જ આપણી કાર્ય અને વિકાસની દિશા સુનિશ્ચિત કરી શકાય. એને સમજવાનો યત્ન કરીએ –

૧. શિક્ષણ એવું હોય જે –

- બાળકનો સર્વાંગીણ વિકાસ કરે.
- આપણી સંસ્કૃતિ અને પરંપરાઓને વૈજ્ઞાનિક ઢબે સમજાવે.
- ભારમુક્ત હોય, તાણમુક્ત હોય અને બંધનમુક્ત હોય.
- પરીક્ષા, તુલના અને સ્પર્ધાનાં દૂષણોથી મુક્ત હોય.
- જીવનમૂલ્યો સાથે જીવતાં શિખવાડતું હોય.
- જીવ, જગત અને જગદીશનાં રહસ્યોને ઉદ્ઘાટિત કરવા સક્ષમ હોય.
- બાળકને શ્રમ, સંયમ, સહકાર અને સંવાદિતા શીખવે.
- ભવ્ય - દિવ્ય ભારતનો સાક્ષાત્કાર કરાવે.
- રુચિ - પ્રકૃતિ અનુસાર કલાસાધનાની અનુકૂળતા કરી આપે.
- સમગ્ર ગુજરાતને વિશ્વની વૈશ્વિક જ્ઞાનની વિદ્યાપીઠ બનાવવાની પૃષ્ઠભૂમિ સર્જે.

૨. પ્રશિક્ષણ એવું હોય જે –

- ઉપર મુજબનું શિક્ષણ આપી શકે તેવા પ્રશિક્ષકો નિર્માણ કરે.
- કેવળ સૈદ્ધાંતિક નહીં, પ્રાયોગિક અને વ્યાવહારિક પણ હોય.
- પ્રકૃતિ અને પર્યાવરણ સાથે જોડતું હોય.

- એવું કડીબદ્ધ (શૃંખલા) રૂપે થાય કે જેનાથી અંતિમ લાભાર્થી પણ લાભાન્વિત થાય અને એનું સ્તર ઊંચું આવે.
- શિક્ષકોનું શિક્ષકત્વ જગાડવાનું સામર્થ્ય ધરાવે.
- પરિવાર - ચેતના જગાડે.
- પારિવારિક પ્રબોધન દ્વારા વ્યક્તિ - પરિવારમાં રાષ્ટ્રીયતાનો ભાવ જગાડે.

૩. વિસ્તરણ એવું હોય જે –

- સમાજમાં જાગૃતિ લાવે, ચૈતન્ય જગાડે.
- સમાજ ઘટકોમાં અંધશ્રદ્ધા નિર્મૂળ કરી વૈજ્ઞાનિક અભિગમ વિકસાવે.
- રાષ્ટ્રભક્તિ જગાડે.
- સાંપ્રત વિષયો અને પ્રવાહો સાથે સમાજને જોડે.
- સામાજિક સમરસતા નિર્માણ કરે.
- સામાજિક ઐક્ય નિર્માણ કરે.
- જે નિરક્ષરતા - નિવારણ કરે.
- જે કુપોષણની સમસ્યાનું નિવારણ કરે.
- પારિવારિક સ્વાસ્થ્ય અને છેવટે સામાજિક સ્વાસ્થ્ય સુધારે. (અહીં સ્વાસ્થ્ય એટલે કેવળ શરીર - આરોગ્યની જ વાત નથી, આદર્શ પરિવારની કલ્પના સાકાર કરવાની વાત છે.)

૪. સંશોધન એવું હોય જે –

- સમાજને દીર્ઘકાળ સુધી કામ આવે.
- સામાજિક સર્વેક્ષણોનો પદ્ધતિસરનો વૈજ્ઞાનિક અભ્યાસ ધરાવતું હોય.
- સંશોધનોની નવી દિશાઓ ખોલવામાં મદદ કરે.
- સમાજના પ્રત્યેક ઘટકને લાભાન્વિત કરે, સર્વસ્પર્શી અને સર્વવ્યાપી હોય.
- બાળશિક્ષણ અને બાળવિકાસની યોગ્ય દિશા ચીંધે.
- પ્રકૃતિ - પર્યાવરણનું રક્ષણ કરવા સમર્થ હોય.

- સમગ્ર સમાજને ઇષ્ટ પરિવર્તનનો માર્ગ બતાવે.
- ઉત્તમ સંતતિના અવતરણ માટે દિશાબોધક હોય.
- પ્રાચીન પ્રજ્ઞા અને નૂતન આવિષ્કારોને સંકલિત કરી જ્ઞાનનું નવસર્જન કરે.
- બાળકોના સુગ્રથિત વ્યક્તિત્વનો વિકાસ કરે.

## નિષ્કર્ષ :

સંક્ષેપમાં કહીએ તો આ યુનિવર્સિટીનું નામ ભલે 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી' હોય પણ એ કેવળ 'ચિલ્ડ્રન્સ' માટે નથી, 'ચિલ્ડ્રન્સ'ને સમજવા માટે છે.

એડોલ્ફ જુસ્ટ કહે છે, ''બાળક એ કુદરતે માણસને બક્ષેલું અણમોલ રતન છે. માણસની કેટલીયે ભાવનાઓ બાળક દ્વારા પૂર્ણતાએ પહોંચે છે. માનવીય ગુણોના વિકાસનું સૌથી પ્રથમ સાધન અને સોપાન બાળક જ છે.''

આવા ઉમદા હેતુથી સ્થપાયેલી આ યુનિવર્સિટી સામાજિક ચેતનાનું કેન્દ્રબિન્દુ છે. એની અનેક પ્રકારની વિશિષ્ટ કાર્યયોજનાઓ દ્વારા એ ગુજરાતના જનજીવનમાં ઇષ્ટ પરિવર્તન લાવવા પ્રતિબદ્ધ છે.

આપણી નજર સમક્ષ એક મહાન ધ્યેય છે –

''તેજસ્વી બાળક : તેજસ્વી ભારત''

......અને, એ માટે ગુજરાતની આ અનોખી યુનિવર્સિટી કાર્યરત છે.

★★★